અપીલ અરજી નં.૧૫૧/ ૦૮–૦૯ તા.૪–૯–૦૮

અરજદારઃ શ્રી ઓધવજીભાઈ હરીભાઈ ઢેઢી
સામાવાળાઃ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન

***હુકમ:–***

***વિષય :–***આરટીઆઈ એકટ હેઠળ શ્રી ઓધવજીભાઈ હરીભાઈ ઢેઢીની તા.૧૮–૭–૦૮ ની અરજીથી મોજે નાના વરાછા તા.સીટીના સ.નં.૪૯ બ્લોક નં.૮૦ વાળી જમીનમાં તે નવી શરતની હોવા છતા કલેકટરશ્રીની પરવાનગી વગર તેમાં બાંધકામ ચાલે છે. તેવી અરજી આપશ્રીની કચેરીમાં તા. ૩૧–૧–૦૭ ના રોજ આપેલ તો તેની થયેલ કાર્યવાહીની માહિતી આધાર–પુરાવા સહ વિ. માહિતી આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૪–૯–'૦૮ ની અપીલ અરજી નં.૧૫૧/૨૦૦૮–૦૯

શ્રી ઓધવજીભાઈ હરીભાઈ ઢેઢીની તા.૧૮–૭–૦૮ ની અરજીથી મોજે નાના વરાછા તા.સીટીના સ.નં.૪૯ બ્લોક નં.૮૦ વાળી જમીનમાં તે નવી શરતની હોવા છતાં કલેકટરશ્રીની પરવાનગી વગર તેમાં બાંધકામ ચાલે છે. તેવી અરજી આપશ્રીની કચેરીમાં તા. ૩૧–૧–૦૭ ના રોજ આપેલ તો તેની થયેલ કાર્યવાહીની માહિતી આધાર–પુરાવા સહ વિ. માહિતી આપવા બાબતે કોઈપણ પ્રત્યુત્તર ન મળવાના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૯–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૨૩ તા.૧૦–૯–૦૮ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી આરટીઆઈ/ઈ.ઝેડ/આ.ન.૭૩૩ તા.૧૬–૯–૦૮ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારે અપીલ અરજીમાં માહિતી આપવામાં આવેલ નથી તેવી રજૂઆત કરેલ છે. જે જાહેર માહિતી અધિકારી તરફથી નં આરટીઆઈ/ઈ.ઝેડ/આ.ન.૭૩૩ તા.૨૧–૮–૦૮ ના રોજ અરજદારને માહિતી પૂરી પાડયાની નકલ તથા પહોંચ રજૂ કરેલ છે. અરજદારને માહિતી સમય મર્યાદાની અવધિ બાદ પૂરી પાડવામાં આવેલ છે. તથા તેમાં મુદ્દા નં.૧ તથા ૩ અંગે નિયત દસ્તાવેજ ફી જમાં કરાવી માહિતી મેળવી લેવા જણાવેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારનીતા.૧૮–૭–૦૮ની અરજીથી માંગ્યા મુજબની માહિતી પૈકી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને સમય અવધિ બાદ પૂરી પાડી નિયત દસ્તાવેજ ફી ભરી મેળવવા જણાવેલ છે જે આરટીઆઈ એકટની કલમ–૭(૬) સાથે સુસંગત ન હોઈ નહીં પૂરી પાડેલ નિર્દિષ્ટ દસ્તાવેજી માહિતી વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૦ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી,વરાછા ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ઓધવજીભાઈ હરીભાઈ ઢેઢી